| | |
|---|---|
| રજૂ તારીખ | ૧૪–૦૩–૨૦૨૩ |
| દાખલ તારીખ | ૧૪–૦૩–૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૨૪–૦૩–૨૦૨૩ |
| સમયગાળો | |
| ૦૦–વર્ષ ૦૦– માસ – દિવસ | |

**મે. ખેડા જીલ્લાના સ્પેશ્યલ (પોકસો)જજ અને બીજા એડીશ્નલ સેસન્સ જજની અદાલતમાં, મુકામ:–નડીઆદ**

ફોજદારી પરચુ. અરજી નં. ૨૭૨/૨૦૨૩
આંક :

**અરજદાર :–** **જીગ્નેશભાઈ ગલાભાઈ વાઘેલા**
ઉ.વ. ૧૮, ધંધો–મજુરી,
રહે. પંડિતનગર, પાણીની ટાંકી પાસે,
મુ.ચકલાસી, તા.નડીઆદ, જી.ખેડા.

**– વિરૂધ્ધ –**

**સામાવાળા :–** **શ્રી સરકાર**

**બાબત : ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ અન્વયે જમીન અરજી.**

........................................................................................
અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.આર. વાઘેલા
સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી યુ.એ.ઢગટ
........................................................................................

**-:: <u>હુકમ</u> ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ **ચકલાસી** પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબર : **૧૧૨૦૪૦૧૭૨૩૦૦૦૨/૨૦૨૩** થી ઈન્ડીયન પીનલ કોડની કલમ-**૩૬૩, ૩૭૬(૨)(એન), ૫૦૬(૨)** તથા પોકસો એકટની કલમ-**૩(એ), ૪, ૫(એલ), ૬** મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ જામીન ઉપર મુકત થવા ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૯/૨૦૨૩ દાખલ કરેલ જે ગુણદોષ ઉપર નામંજુર થયેલ અને હાલમાં સદર કામે ચાર્જશીટ દાખલ થતા ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ - ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટિસ કાઢતાં, ફરીયાદપક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી યુ.એ. ઢગટ હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ જામીન અરજી વિરૂધ્ધનું સોગંદનામુ રજૂ કરેલ છે, તે વંચાણે લીધેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એસ.આર. વાઘેલા નાઓએ તેઓની રજુઆતમાં ભારપૂર્વક જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે અને તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી. શંકાના આધારે તેઓનું નામ લખાવેલ છે. ફરીયાદીની સમગ્ર ફરીયાદ જોતા અરજદાર/આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુન્હાનો કોઈ પ્રથમદર્શનીય કેસ ફલિત થતો નથી. કહેવાતી ફરીયાદ જોવામાં આવે તો, ફરીયાદીના એક માણસે કહેલ કે, મોટર સાયકલ ઉપર છોકરીને એક માણસ પાછળ બેસાડીને રોડે જતા જોયેલ અને અગાઉ આરોપી સાથે પોતાની દિકરીને વાતો કરતા જોયેલ તેના આધારે હાલના અરજદારને સાંકળતી ફરીયાદ આપવામાં આવેલ છે જે હકીકતને વિચારણામાં લઈ ફરીયાદ શંકા ઉપજાવે તેમ છે અરજદાર/આરોપી નાસતા ભાગતા ફરેલા નથી. ચાર્જશીટના પેપર્સ

વંચાણે લેતાં, તપાસ એજન્સીને સાથસહકાર આપેલ છે ભોગબનનારનું તેમજ આરોપી/અરજદારનું શારીરિક પરીક્ષણ કરવામાં આવેલ છે અને એફ.એસ.એલ. ધ્વારા તેનો રીપોર્ટ સંપૂર્ણ રીતે નકારાત્મક આવેલ છે. કહેવાતો બનાવ જાહેર જગ્યા ઉપર બનેલ છે સાહજીક રીતે જાહેરમાં ભોગબનનાર સાથે આવું અપકૃત્ય થયેલ હોય તેવું માની શકાય તેમ નથી. અરજદાર/આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. સદર કામે થયેલ ફરીયાદના આક્ષેપો જોતા અરજદાર વિરૂધ્ધ ફાંસીની સજાને લાયક ગુન્હો નથી. અરજદાર પાસેથી ગુનાને લગતી કોઈ ચીજવસ્તુ રીકવર કે ડીસ્કવર કરવાની બાકી રહેતી નથી. જેથી પોલીસને તપાસના કામે અરજદારની જરૂરીયાત નથી. તેમજ પુરાવા સાથે ચેડા કરે તેવા નથી. અરજદાર અને ભોગ બનનાર એક બીજાને પ્રેમ સંબંધ હતો. જેથી અરજદાર ભોગ બનનારને લાલચ આપી ભગાડી ગયેલ હોવાનો કોઈ કેસ બનતો નથી. અરજદાર કુટુંબકબીલા વાળા માણસ છે. કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ હોય, જેથી તેઓને જો જામીન પર મુકત કરવામાં ના આવે તો તેઓને ખોટી રીતે લાંબો સમય જેલમાં રહેવું પડે તેમ હોય, આ સંજોગોમાં અરજદાર/ આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા રજુઆતો કરેલી છે.

(૪) ઉપરોકત હકીકતો સામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી યુ.એ. ઢગટ અરજદાર/આરોપીની અરજીનો સખત વિરોધ કરતાં ભારપૂર્વક જણાવેલ છે કે, ભોગ બનનાર ઉ.વ.૧૬ વર્ષ ૪ માસને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભોગ બનનારને તથા ભોગ બનનારના પિતાને જાનથી મારી નાં ખવાની ધમકી આપી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ અવારનવાર બળાત્કાર સંભોગ કરી ગુન્હો કરેલ હોવાની ફરીયાદ છે. હાલના અરજદાર/આરોપી ધ્વારા ચાર્જશીટ અગાઉ ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૯/૨૦૨૩ ની દાખલ કરેલ હતી જે ગુણદોષ ઉપર નામ. કોર્ટ ધ્વારા

નામંજુર કરેલ હતી. ત્યારબાદ હાલની જામીન અરજી ચાર્જશીટ બાદ દાખલ કરેલ છે ત્યારે શું સંજોગો બદલાયેલ છે તે અરજદાર/આરોપીના વિ.વ.શ્રી બતાવી શકેલ નથી. તે સંજોગોમાં, આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થવાથી હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધના ગુન્હાની ગંભીરતા ઘટી જતી નથી તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા તેમની એફીડેવીટમાં જણાવ્યા મુજબ હાલના ફરીયાદી તથા આરોપી એક જ ગામના રહેવાસી હોય જો અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવામાં આવે તો સુલેહ શાંતિનો ભંગ કરે કરાવે થાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી. આમ, જયારે અરજદાર/આરોપી ગુનાના કામે પ્રથમદર્શનિય સંડોવાયેલ છે.આ સંજોગોમાં હાલના અરજદાર/ આરોપીને જો જામીન મુકત કરવામાં આવશે તો સાક્ષી પુરાવા સાથે ચેડા થાય તેમ હોય તેમજ ગુનાની ગંભીરતા તથા આરોપી સામેના આક્ષેપો નજર સમક્ષ રાખી, હાલના અરજદાર/આરોપીની જામીન મુકત થવા માટેની હાલની અરજી મંજુર થવાપાત્ર નથી તેમ ઠરાવી નામંજુર કરવા માટે ભારપૂર્વકની રજુઆતો કરેલી છે.

(૫) બન્ને પક્ષોની દલીલો તથા પોલીસ પેપર્સ ધ્યાને લીધા. હાલના કામે ફરીયાદની હકીકત ધ્યાને લેતા આ કામના આરોપીએ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર ઉ.વ.૧૬ વર્ષ ૪ માસને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભોગ બનનારને તથા ભોગ બનનારના પિતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ અવારનવાર બળાત્કાર કર્યાનો પ્રથમદર્શનીય કેસ છે. હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થયા પહેલા રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૯/૨૦૨૩ દાખલ કરેલ હતી જે સેશન્સ કોર્ટે ગુણદોષ ઉપર નામંજુર કરેલ છે. ત્યારબાદ ફરીથી ચાર્જશીટ દાખલ થયા પછી હાલની જામીન અરજી કરેલ છે. ત્યારે વિ.સરકારી વકીલશ્રીની દલીલ મુજબ અરજદારના

વિ.વ.શ્રી કોઈ બદલાયેલા સંજોગો હોય તેવું પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં અરજદાર/આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાના અંતે અત્રેની કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ થયેલ હોય અને ફરીયાદ દાખલ થઈ ત્યારે અરજદાર/આરોપી વિરૂધ્ધ જે આક્ષેપ તથા પુરાવા હતા તે હાલના કામે તપાસના અંતે ચાર્જશીટ થયા બાદ પણ જેમના તેમ હોય, તેમાં કોઈ બદલાવ આવેલ ન હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટનું **એ.આઈ.આર. ૨૦૧૭,પેજ નં.૧૬૮૫, વિરૂપક્ષપ્પા ગૌડા વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકાના ચુકાદાના પેરા નં.(૧૩) માં** ઠરાવ્યા મુજબ *માત્ર ચાર્જશીટ દાખલ થવાથી બદલાયેલા સંજોગો હોવાનુ માની શકાય નહિ''* તે હકીકતને નજર સમક્ષ રાખતા, સંજોગોમાં કોઈ ફેરફાર થયેલ હોવાનું માની શકાય નહી. આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં, આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ, અરજદાર / આરોપીની તરફેણમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૯ અન્વયેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય, વાજબી અને ન્યાયી જણાતુ ના હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) આ કામના અરજદાર/આરોપીની ફોજદારી પરચુરણ અરજી નં.**૨૭૨/૨૦૨૩** આથી **નામંજુર યાને કે રદ્દ** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ:**૨૪મી** માહે **માર્ચ** સને **૨૦૨૩** ના રોજ મારી સહીં કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪.૦૩.૨૦૨૩
સ્થળ:– નડીયાદ.

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
સ્પેશ્યલ જજ (પોકસો) અને
બીજા અધિક સેશન્સ જજ, નડીયાદ.
કોડ નં. જીજે ૦૧૬૦૦